જે નબુવ્વતની રોશન દલીલો સાથે મોકલવામાં આવ્યા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى صَاحِبِ الْمُعْجِزَاتِ○

अल्लाहुम्म स़ल्लि अ़ला स़ाहि़बिल् मुअ्जिज़ात.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક્દસ પર જે મો'જિઝાઓ બનીને આવ્યા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى صَاحِبِ خَوَارِقِ الْعَادَاتِ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સાહિબિ ખવારિકિલ્ આદાત.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અકદસ પર
જે આદત વિરૂધ્ધ બાબતો (મો'જિઝો)ની સાથે તશરીફ લાવ્યા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ سَلَّمَتْ عَلَيْهِ الْاَحْجَارُ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા મન્ સલ્લમત્ અલૈહિલ્ અહ્જાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અકદસ પર જેમની બારગાહમાં પથ્થરોએ સલામ કરી.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ سَجَدَتْ بَيْنَ يَدَيْهِ الْاَشْجَارُ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા મન્ સજદત્ બૈન યદૈહિલ્અશ્જાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અકદસ પર જેમની બારગાહમાં ઝાડોએ સિજદો કર્યો.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ تَفَتَّقَتْ مِنْ نُوْرِهٖ الْاَزْهَارُ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા મન્તફત્ તફત્ મિન્નૂરિહિલ્ અઝ્હાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અકદસ પર જેમના નૂરથી કળીઓ ખીલી ઉઠી.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ طَابَتْ بِبَرَكَتِهِ الثِّمَارُ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા મન્તાબત્ બિબરકતિહિષ્ષિમાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અકદસ પર
જેમની બરકતથી ફળો સ્વાદિષ્ટ બની ગયાં.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنِ اخْضَرَّتْ مِنْ بَقِيَّةِ وَضُوْٓئِهِ الْاَشْجَارُ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા મનિખ્દર્રત્ મિમ્બકિય્યતિ વદૂઇહિલ્ અશ્જાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અકદસ પર જેમના વુઝૂના
વધેલા પાણીથી સૂકાં ઝાડો તરોતાઝાં થઈ ગયાં.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ فَاضَتْ مِنْ نُّوْرِهٖ جَمِيْعُ الْاَنْوَارِ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા મન્ ફાદ़ત મિન્નૂરિહી જમીઉ़લ્ અન્વાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़્દસ પર જેમના નૂરથી તમામ અન્વાર જાહેર થયા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ بِالصَّلٰوةِ عَلَيْهِ تُحَطُّ الْاَوْزَارُ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા મમ્બિસ્સ़લાતિ અ़લૈહિ તહુત્તુલ્ અવ્ઝાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़્દસ પર જેમના
પર દુરૂદ મોકલવાથી ગુનાહ માફ થઈ જાય છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ بِالصَّلٰوةِ عَلَيْهِ تُنَالُ مَنَازِلُ الْاَبْرَارِ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા મમ્બિસ્સ़લાતિ અ़લૈહિ તુનાલુ મનાઝિલુલ્ અબ્રાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़્દસ પર જેમની બારગાહમાં
દુરૂદ મોકલવાથી નેકોકારોના મર્તબા હાંસલ થાય છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ بِالصَّلٰوةِ عَلَيْهِ يُرْحَمُ الْكِبَارُ وَالصِّغَارُ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા મમ્બિસ્સ़લાતિ અ़લૈહિ યુર્હમુલ્કિબારુ વસ્સ़िગાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़્દસ પર જેમની બારગાહમાં
દુરૂદ પઢવાથી નાના તથા મોટાઓ પર રહમ કરવામાં આવે છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ بِالصَّلٰوةِ عَلَيْهِ نَتَنَعَّمُ فِيْ هٰذِهِ الدَّارِ وَفِيْ تِلْكَ الدَّارِ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા મમ્બિસ્સ़લાતિ અ़લૈહિ નતનઅ્મ અ़મુ ફી હાઝિહિદ્દારિ વ ફી તિલ્કદ્દાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़્દસ પર જેમની બારગાહમાં
દુરૂદ મોકલવાથી અમને દુનિયા તથા આખેરતમાં નેઅમતો મળશે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ بِالصَّلٰوةِ عَلَيْهِ تُنَالُ رَحْمَةُ الْعَزِيْزِ الْغَفَّارِ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા મમ્બિસ્સ़લાતિ અ़લૈહિ તુનાલુ રહ્મતુલ્ અ़ઝીઝિલ્ ગફ્ફાર.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़્દસ પર જેમની બારગાહમાં દુરૂદ મોકલવાથી
સૌના પર ગાલિબ અને ઘણા જ માફી આપનાર પરવરદિગારની રહમત હાંસલ થાય છે.

اَللّٰهُمَّ صَلِّ عَلَى الْمَنْصُوْرِ الْمُؤَيَّدِ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લલ્ મન્સૂરિલ્ મુઐયદ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़દસ પર જેમની તેં મદદ ફર્માવી.

اَللّٰهُمَّ صَلِّ عَلَى الْمُخْتَارِ الْمُمَجَّدِ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લલ્ મુખ્તારિલ્ મુમજ્જદ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़દસ પર
જેમને તેં બરગુઝીદા કર્યા અને માન સન્માનથી નવાઝ્યા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا مُحَمَّدٍ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના વ મૌલાના મુહ़મ્મદ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़દસ પર
અમારા આક़ા વ મૌલા મુહમ્મદ ﷺ પર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ كَانَ اِذَا مَشٰى فِي الْبَرِّ الْاَقْفَرِ تَعَلَّقَتِ الْوُحُوْشُ بِاَذْيَالِهٖ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા મન્કાન ઈઝ़ા મશા ફિલ્ બર્રિલ્ અક़્ફરિ તઅ़લ્લક़તિલ્ વુહૂશુ બિઅઝ़્યાલિહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક़દસ પર જે સપાટ મેદાનમાં ચાલી રહ્યા હોય
તો તેમના કરમના દામનથી જંગલના જંગલી પશુઓ લપેટાતાં હતાં.

اَللّٰهُمَّ صَلِّ عَلَيْهِ وَعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ تَسْلِيْمًا ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લૈહિ વઅ़લા આલિહી વ સ़હૂબિહી વસલ્લિમ્ તસ્લીમા.

હે અલ્લાહ ! દુરૂદ માકેલ તારા મહબૂબ નબી ﷺ પર,
તેમની મુક़દ્દસ આલ પર અને તેમના મુકર્રમ સહાબા પર.

وَّالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ○

વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.

અને સર્વ તારીફો તે અલ્લાહ તઆલાના માટે છે જે સર્વ જહાનોનો રબ છે.

اِبْتِدَآءُ الرُّبْعِ الثَّانِيْ

ઈબ્તિદાઉર્રબ્ઇષ્ષાની

કિતાબનો બીજો ચોથાઈ ભાગ શરૂ

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى حِلْمِهٖ بَعْدَ عِلْمِهٖ وَ عَلٰى عَفْوِهٖ بَعْدَ قُدْرَتِهٖ o

અલ્હમ્દુલિલ્લાહિ અલા હિલ્મિહી બઅ્દ ઇલ્મિહ. વ અલા અફ્વિહી બઅ્દ કુદરતિહ.

સર્વ તારીફો તે અલ્લાહ કરીમના માટે તેના હિલ્મ પર તેના ઈલ્મ પર કુદરત હોવા છતાં તેના (અફ્વો દરગુઝર) માફ કરવા પર કે તેની કુદરતનું વર્તુળ સર્વ સિફતો પર છે.

اَللّٰهُمَّ اِنِّيْٓ اَعُوْذُ بِكَ مِنَ الْفَقْرِ اِلَّآ اِلَيْكَ o

અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિક મિનલ્ ફકૂરિ ઈલ્લા ઈલૈક.

હે અલ્લાહ ! હું તારા તરફ રુજૂઅ થઈને તારાથી પનાહ માગુ છું
ફકૂ (ગરીબી)થી પણ તારી તરફ અને ઝિલ્લત તથા ખુવારીથી

وَ مِنَ الذُّلِّ اِلَّا لَكَ وَ مِنَ الْخَوْفِ اِلَّا مِنْكَ o

વમિનઝ્ઝુલ્લિ ઈલ્લા લક. વમિનલ્ ખૌફિ ઈલ્લા મિન્ક.

પણ તારા માટે, અને અન્યોના ડરથી મેહફૂઝ રહીને કેવળ તારી ઝાતથી ડરવા ચાહું છું.

وَ اَعُوْذُ بِكَ اَنْ اَقُوْلَ زُوْرًا o اَوْ اَغْشٰى فُجُوْرًا o اَوْ اَكُوْنَ

વ અઊઝુબિક અન્અકૂલ ઝૂરા. અવ્ અગ્શા ફુજૂરા. અવ્ અકૂન

અને હું જૂઠમાં પડવાથી તારી પનાહ માગુ છું. અને બદકારીમાં પડવાથી
તારી પનાહ ચાહું છું અને તારા કરમની પ્રાપ્તિ પર ગર્વિષ્ઠ થવાથી પણ પનાહ માગુ છું.

بِكَ مَغْرُوْرًا o وَ اَعُوْذُ بِكَ مِنْ شَمَاتَةِ الْاَعْدَآءِ

બિક મગ્રૂરા. વ અઊઝુબિક મિન્ શમાતતિલ્ અઅ્દાઅ.

હે અલ્લાહ ! એ વાતથી પણ પનાહ માગુ છું કે દુશ્મન મને જોઈને ખુશીઓ મનાવે
અથવા હું લાઈલાજ બીમારીમાં સપડાય જંઉ, અથવા હું નિરાશામાં સપડાય જાઉં.

وَ عُضَالِ الدَّآءِ وَ خَيْبَةِ الرَّجَآءِ وَ زَوَالِ النِّعْمَةِ وَ فُجَآءَةِ النِّقْمَةِ○

વઉદ્દાલિદ્દાઅ. વ ખૈબતિર્રજાઅ. વઝ્વાલિન્નિઅ્મહ. વફુજા અતિન્નિકૂમહ.

(તારી અતા કરેલ) નેઅમતો નષ્ટ થઈ જાય અને અચાનક આવતી મુસીબતોમાં સપડાવાથી. (હે અલ્લાહ ! અમોને આ મુસીબતોથી મેહફૂઝ કરી દે)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ سَلِّمْ عَلَيْهِ وَ اجْزِهٖ عَنَّا

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુહ़મ્મદિંવ્ વ સલ્લિમ્ અ़લૈહિ વજ્ઝિહી અ़ન્ના

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર અને એમના પર સલામ મોકલ અને તેમની શાનને પાત્ર બદલો અતા કર

مَا هُوَ اَهْلُهٗ حَبِيْبُكَ○ {ثَلٰثًا (તીન બાર પઢવું)}

માહુવ અહ્લુહૂ હ़બીબુક. {3 વખતે પઢે}

તારા હબીબ ﷺ ને અમારા તરફથી. {3 વખતે પઢે}

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَ سَلِّمْ عَلَيْهِ وَ اجْزِهٖ {ثَلٰثًا (તીન બાર પઢવું)}

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના ઈબ્રાહીમ વ સલ્લિમ્ અ़લૈહિ વજ્ઝિહી

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા ઈબ્રાહીમ عليه السلام પર અને તેમને સલામતી અતા ફર્માવ અને તેમની શાનને પાત્ર જઝા અતા કર

عَنَّا مَا هُوَ اَهْلُهٗ خَلِيْلُكَ○

અ़ન્ના માહુવ અહ્લુહૂ ખલીલુક. {3 વખતે પઢે}

તારા ખલીલ عليه السلام ને અમારા તરફથી. (ત્રણ વાર પઢવું) {3 વખતે પઢે}

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુહ़મ્મદિંવ્ વ અ़લા આલિ સૈયિદિના મુહ़મ્મદ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર અને મુકદ્દસ આલે મુહમ્મદ ﷺ પર જેવી રીતે કે તેં વરસાવી

كَمَا صَلَّيْتَ وَ رَحِمْتَ وَ بَارَكْتَ عَلٰى سَيِّدِنَا اِبْرَاهِيْمَ فِي

કમા સ્વલ્લેત વ વરહિમ્ત વબારક્ત અલા સૈયિદિના ઇબ્રાહીમ ફીલ્

રહમતો તથા બરકતો અમારા આકા ઈબ્રાહીમ عليه السلام
પર સર્વ જહાનોમાં. બેશક ! તારી ઝાત દાદને પાત્ર તથા ઘણી જ

الْعَالَمِيْنَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ○ عَدَدَ خَلْقِكَ وَ رِضٰى

આલમીન ઇન્નક હમીદુમ્ મજીદ. અદદ ખલ્કિક વરિદા

બુઝુર્ગીવાળી છે અને આ ઈનામો તારી મખ્લૂકની સંખ્યાના બરાબર,
તારી ઝાતની રઝા, તારા અર્શના વજનના બરાબર

نَفْسِكَ وَ زِنَةَ عَرْشِكَ وَ مِدَادَ كَلِمَاتِكَ○

નફ્સિક વઝિનત અર્શિક વ મિદાદ કલિમાતિક.

અને તારા કલમાના લખાણમાં વપરાનારી શાહીના બરાબર હોય.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَنْ صَلّٰى عَلَيْهِ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ અદદ મન્ સ્વલ્લા અલૈહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
એ સંખ્યા બરાબર જેટલુ દુરૂદ લોકોએ પઢયું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَنْ لَّمْ يُصَلِّ عَلَيْهِ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ અદદ મલ્લમ્ યુસ્વલ્લિ અલૈહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
તે લોકોની સંખ્યા જેટલું જે લોકોએ આપના માટે દુરૂદ નથી પઢયું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَا صُلِّيَ عَلَيْهِ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ અદદ મા સુલ્લિય અલૈહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
એ સંખ્યામાં જેટલુ દુરૂદ આપના માટે પઢવામાં આવ્યું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ اَضْعَافَ مَا صُلِّيَ عَلَيْهِ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ અદ્આફમા સુલ્લિય અલૈહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
એ સંખ્યાથી કેટલાયે ઘણુ વધારે જેટલુ દુરૂદ આપની બારગાહમાં રજૂ કરવામાં આવ્યું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا هُوَ اَهْلُهٗ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ કમા હુવ અહ્લુહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
એટલી સંખ્યામાં જે આપની શાનને શોભે તેવું હોય.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا تُحِبُّ وَ تَرْضٰى لَهٗ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ કમા તુહિબ્બુ વતર્દાલહૂ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
(એટલી સંખ્યામાં) જેવું કે તું મહબૂબ રાખે છે અને એમના માટે પસંદ કરે છે.




Rozae Hazrat Imam Husain رضی اللہ عنہ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.

અલ્લાહના નામથી (આ પવિત્ર કિતાબની તિલાવતની શરૂઆત)
જે ઘણો મહેરબાન અત્યંત રહમવાળો.

اَلْحِزْبُ الثَّالِثُ مِنَ اَلْاَحْزَابِ الثَّامِنُ

અલ્ હિઝ્બુષ્ષાલિષુ મિનલ્ અહ્ઝાબિ ષ્ષામિન

આઠ ભાગોમાંથી ત્રીજો ભાગ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى رُوْحِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْاَرْوَاحِ وَعلٰى جَسَدِهٖ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા રૂહિ સૈયિદિના મુહમ્મદિન્ ફિલ્અર્વાહિ વઅલા જસદિહી

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા ﷺ ની રૂહ મુબારક પર તમામ રૂહોમાં,
અને આપના શરીર મુબારક પર સર્વ શરીરોમાં, અને કબ્રોમાં આપની કબ્ર મુબારક પર,

فِى الْاَجْسَادِ وَعَلٰى قَبْرِهٖ فِى الْقُبُوْرِ وَعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ ○

ફિલ્અજ્સાદિ વઅલા કબ્રિહી ફિલ્કુબૂરિ વ અલા આલિહી વસહૂબિહી વસલ્લિમ.

અને આપની આલ તથા અસ્હાબ પર સલામ (સલામતી) મોકલ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ કુલ્લમા ઝકરહુઝ્ઝાકિરૂન.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
જ્યારે પણ ઝિક્ર (યાદ) કરવાવાળા તેમનો ઝિક્ર કરે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كُلَّمَا غَفَلَ عَنْ ذِكْرِهِ الْغٰفِلُوْنَ ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ કુલ્લમા ગફલ અન્ઝિક્રિહિલ્ ગાફિલૂન.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર જ્યારે કે તેમના ઝિક્રથી
ગફલત વર્તનારા તેમના ઝિક્રથી ગાફેલ થાય.

اَللّٰهُمَّ صَلِّ وَسَلِّمْ وَبَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِنِ النَّبِيِّ الْاُمِّيِّ

અલ્લાહુમ્મ સ़લ્લિ વસલ્લિમ્ વ બારિક અ़લા સૈયિદિના મુ॰હ્મદિનિ ન્નબિય્યિલ્ ઉમ્મિય્યી

હે અલ્લાહ ! દુરૂદો સલામ મોકલ અમારા આકા નબી ઉમ્મી મુહમ્મદ ﷺ અને આપ ﷺની અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) જે મુસલમાનોની માઓ છે.

وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ

વ અઝ્વાજિહી ઉમ્મહાતિલ્ મુઅ્મિનીન વ ઝુર્રિય્યતિહી વ અહ્લિ બય્તિહી

આપની ઔલાદ પર, આપની અહલે બયત પર, એવું સલાતો સલામ કે જેની સંખ્યા

صَلٰوةً وَّسَلَامًا لَّا يُحْصٰى عَدَدُهُمَا وَلَا يُقْطَعُ مَدَدُهُمَا ○

સલાતંવ્ વ સલામલ્ લાયુહ્સા અ़દદુ હુમા વલા યુકૂતઉ મદદુ હુમા.

ગણત્રીમાં ન આવી શકે અને ન તે કષરત (ખૂબ અધિકતા)નો ક્રમ તૂટી શકે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَآ اَحَاطَ بِهٖ

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુ॰હ્મદિન્ અ़દદ મા અહા॰તબિહી

હે અલ્લાહ ! એટલું દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર જે તારા ઈલ્મને ઘેરેલ હોય અને તારી કિતાબમાં નકૂલ થયેલ હોય.

عِلْمُكَ وَاَحْصَاهُ كِتَابُكَ صَلٰوةً تَكُوْنُ لَكَ رِضَآءً

ઇ॰લ્મુક વ અહ્સાહુ કિતાબુક સ़લાતન્ તકૂનુલક રિદ્આંવ્

એવાં દુરૂદ જે તારી રઝાનો સબબ હોય, અને તારા હક્કોની અદાયગી (નાં જામિન હોય) અને અમારા આકાને વસીલા,

وَّلِحَقِّهٖ اَدَآءً وَّاَعْطِهِ الْوَسِيْلَةَ وَالْفَضِيْلَةَ وَالدَّرَجَةَ

વલિહ॰ક્કિહી અદાઅંવ્ વ અઅ્તિહિલ્ વસીલત વલ્ફ॰દીલત વદ્રજતર્

ફઝીલત અને બુલંદ દરજો, હે અલ્લાહ ! અતા ફર્માવ તેમને એ મકામે મહમૂદ પર પહોંચાડી દે જેનો તેં એમનાથી વાયદો કર્યો છે.

الرَّفِيْعَةَ وَابْعَثْهُ اللّٰهُمَّ الْمَقَامَ الْمَحْمُوْدَ الَّذِىْ

રફીઅત વબઅષ્હુલ્લાહુમ્મલ્ મક્વામલ્ મહ્મૂદલ્લઝી

અને તેમને એમની શાનને પાત્ર જગ્યા અતા કર. અને તેમના સર્વ ભાઈઓ પર (દુરૂદ તથા રહમતો નાઝિલ કર),

وَعَدْتَّهٗ وَاجْزِهٖ عَنَّا مَا هُوَ اَهْلُهٗ وَعَلٰى جَمِيْعِ اِخْوَانِهٖ

વઅત્તહૂ વજ્ઝિહી અન્ના માહુવ અહ્લુહૂ વઅલા જમઈ ઈખ્વાનિહી

જેમનો સંબંધ અંબિયા (અલૈહિમુસ્સલામ)ના વર્ગ,

مِنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصَّالِحِيْنَ ○

મિનન્નબિય્યીન વસ્સિદ્દીક્વીન વશ્શુહદાઇ વસ્સાલિહીન.

સિદ્દીક્વો, શહીદો તથા સાલેહ લોકોથી છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّاَنْزِلْهُ الْمُنْزَلَ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅન્ઝિલ્હુલ્ મુન્ઝલલ્

હે અલ્લાહ ! દુરૂદ મોકલ મુહમ્મદ ﷺ પર અને ક્યામતના દિવસે

الْمُقَرَّبَ يَوْمَ الْقِيَامَةِ ○

મુક્વર્રબ યૌમલ્ ક્વિયામહ.

તેમને તારા કુર્બમાં જગા અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ ○

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદ.

હે અલ્લાહ દુરૂદ મોકલ અમારા આક્વા મુહમ્મદ ﷺ પર.

اَللّٰهُمَّ تَوِّجْهُ بِتَاجِ الْعِزِّ وَ الرِّضَا وَ الْكَرَامَةِ ○

અલ્લાહુમ્મ તવ્વિજ્હુ બિતાજિલ્ ઇ'ઝ્ઝિ વર્રિદા વલ્કરામહ.

હે અલ્લાહ ! તેમને ઈજ્જત (તથા અઝમત) તારી રઝા તથા રાહતનો તાજ પહેરાવ.

اَللّٰهُمَّ اَعْطِ لِسَيِّدِنَا مُحَمَّدٍ اَفْضَلَ مَا سَأَلَكَ لِنَفْسِهٖ

અલ્લાહુમ્મ અઅ્તિ લિ સૈયિદિના મુહ઼મ્મદિન્ અફ્દલ મા સઅલક લિનફ્સિહ.

હે અલ્લાહ ! અમારા આકા મુહમ્મદ ﷺ ને એનાથી બેહતર અતા ફર્માવ
જે એમણે પોતાની ઝાતના માટે તલબ કર્યું

وَ اَعْطِ لِسَيِّدِنَا مُحَمَّدٍ اَفْضَلَ مَا سَأَلَكَ لَهٗ اَحَدٌ مِّنْ

વ અઅ્તિ લિ સૈયિદિના મુહ઼મ્મદિન્ અફ્દલ માસઅલક લહૂ અહ઼દુમ્ મિન્

અને અમારા આકા ﷺ ને એનાથી બેહતર (મર્તબો) અતા કર
જે તારી મખ્લૂકમાંથી કોઈએ તેમના માટે તલબ કર્યો.

خَلْقِكَ وَ اَعْطِ لِسَيِّدِنَا مُحَمَّدٍ اَفْضَلَ مَا اَنْتَ

ખલ્ક઼િક. વઅઅ્તિ લિસૈયિદિના મુહ઼મ્મદિન્ અફ્દલ મા અન્ત

અને અમારા આકા મુહમ્મદ ﷺ ને તે સર્વ કાંઈ મર્તબો અતા કર જે ક઼યામત સુધી

مَسْئُوْلٌ لَّهٗ اِلٰى يَوْمِ الْقِيَامَةِ ○

મસ્ઊલુલ્ લહૂ ઇલા યૌમિલ્ ક઼િયામહ.

તેમના માટે તલબ કરવામાં આવશે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّسَيِّدِنَا اٰدَمَ وَسَيِّدِنَا

અલ્લાહુમ્મ સ઼લ્લિ અ'લા સૈયિદિના મુહ઼મ્મદિંવ્ વ સૈયિદિના આદમ વ સૈયિદિના

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર અને અમારા આકા
આદમ عليه السلام અને અમારા આકા નૂહ عليه السلام

نُوْحٍ وَّ سَيِّدِنَآ اِبْرَاهِيْمَ وَّ سَيِّدِنَا مُوْسٰى وَّ سَيِّدِنَا

નૂહ. વ સૈયિદિના ઇબ્રાહીમ વ સૈયિદિના મૂસા વ સૈયિદિના

અને અમારા આક઼ા ઈબ્રાહીમ عليه السلام અને અમારા આક઼ા મૂસા عليه السلام
અને અમારા આક઼ા ઈસા عليه السلام અને તેમના દરમિયાન

عِيْسٰى وَ مَا بَيْنَهُمْ مِّنَ النَّبِيِّيْنَ وَ الْمُرْسَلِيْنَ

ઇ'સા વમા બૈનહુમ્ મિનન્નબિય્યીન વલ્મુર્સલીન

જે નબીઓ તથા રસૂલો (અલૈહિમુસ્સલામ) થઈ ગયા તે સૌના પર

صَلَوَاتُ اللّٰهِ وَ سَلَامُهٗ عَلَيْهِمْ اَجْمَعِيْنَ o { ثَلٰثًا તીન બાર પઢવા }

સ़લવાતુલ્લાહિ સલામુહૂ અ़લૈહિમ્ અજમઇ'ન. પલાપન

અલ્લાહ તઆલાની રહમતો અને સલામતી થાય. { 3 વખતે પઢે }

اَللّٰهُمَّ صَلِّ عَلٰى اَبِيْنَا سَيِّدِنَا اٰدَمَ وَ اُمِّنَا سَيِّدَتِنَا حَوَّآءَ صَلٰوةً

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા અબીના સૈયિદિના આદમ વ ઉમ્મિના સૈયિદતિના હવ્વાઅ સલાત

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આક઼ા અમારા વાલિદ (બાપ) હઝરત આદમ عليه السلام અને
અમારાં વાલિદા (મા), અમારાં સરદાર સૈયદા હવ્વા (રદિયલ્લાહુ અન્હા) પર,

مَلٰٓئِكَتِكَ وَ اَعْطِهِمَا مِنَ الرِّضْوَانِ حَتّٰى تُرْضِيَهُمَا وَاجْزِهِمَا

મલાઇકતિક વઅ'તિહિમા મિનર્રિદ્વાનિ હ઼ત્તા તુર્દિયહુમા વજ્ઝિહિમા.

અને ફરિશ્તાઓની તરફથી દુરૂદ નાઝિલ ફર્માવ અને એ બંનેવને તારી એવી
ખુશ્નુદીથી નવાઝ જેથી એ બંનેવને ખુશ કરી આપે.

اَللّٰهُمَّ اَفْضَلَ مَا جَازَيْتَ بِهٖ اَبًا وَّ اُمًّا عَنْ وَّلَدَيْهِمَا o { ثَلٰثًا તીન બાર પઢવા }

અલ્લાહુમ્મ અ'ફ્દલ માજાઝૈતબિહી અબંવ્ વઉમમન્ અંવ્ વલદય્હિમા.

હે અલ્લાહ ! એમને એવી અફ઼ઝલતરીન જઝા અતા કર જે તેં
કાંઈ બાપ તથા માને તેમની ઔલાદની તરફથી અતા કરી હોય. { 3 વખતે પઢે }

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا جِبْرِيْلَ وَ سَيِّدِنَا مِيْكَآئِيْلَ وَ

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના જિબ્રીલ વ સૈયિદિના મીકાઈલ વ

હે અલ્લાહ ! રહમતો નાઝિલ કર અમારા સરદાર જિબ્રઈલ અને
અમારા સરદાર મીકાઈલ અને અમારા સરદાર ઈસ્રાફીલ અને

سَيِّدِنَا اِسْرَافِيْلَ وَ سَيِّدِنَا عِزْرَآئِيْلَ وَ حَمَلَةِ الْعَرْشِ وَ

સૈયિદના ઈસ્રાફીલ વ સૈયિદિના ઈઝ્રાઈલ વહ़મલતિલ્અ़ર્શિ વ

અમારા સરદાર ઈઝરાઈલ (અલૈહિમુસ્સલામ) પર, અર્શે (અઝીમ)
ઉઠાવનારા ફરિશ્તાઓ પર અને તમામ ફરિશ્તાઓ,

عَلَى الْمَلٰٓئِكَةِ الْمُقَرَّبِيْنَ وَ عَلٰى جَمِيْعِ الْاَنْبِيَاءِ وَ

અલલ્ મલાઈકતિ વલ્મુક़ર્રબીન વઅ़લા જમીઈલ્ અંબિયાઈ

સર્વ મુક़ર્રિબીન અને સર્વ નબીઓ તથા રસૂલો પર
અલ્લાહ તઆલાનાં દુરૂદ (રહમતો તથા સલામતી) થાય

الْمُرْسَلِيْنَ صَلَوَاتُ اللّٰهِ وَ سَلَامُهٗ عَلَيْهِمْ اَجْمَعِيْنَ o {ثَلٰثًا ત્રણ વાર પઢવું}

વલ્મુર્સલીન સ़લાવતુલ્લાહિ વ સલામુહૂ અ़લૈહિમ અજમઈન. પલાપનૂ.

અને એ સૌ પર રહમતો તથા સલામતી ઉતરે. {3 વખતે પઢે}

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَا عَلِمْتَ وَ

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુહ़મ્મદિન્ અ़દદ મા અ़લિમ્ત વ

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આક़ા મુહમ્મદ ﷺ પર એ ચીજોની
સંખ્યાના પ્રમાણે જે તારા ઈલ્મમાં છે. અને એ ચીજોની ગુંજાઈશ પર

مِلْءَ مَا عَلِمْتَ وَ زِنَةَ مَا عَلِمْتَ وَ مِدَادَ كَلِمَاتِكَ o

મિલ્અમા અ़લિમ્ત વઝિનત મા અ़લિમ્ત વમિદાદ કલિમાતિક.

જે તારા ઈલ્મમાં છે અને એ ચીજોના વજનના બરાબર જે તારા
ઈલ્મમાં છે. અને એ કલમાઓની શાહીના બરાબર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةً مَّوْصُوْلَةً بِالْمَزِيْدِ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુ॰હ્મદિન્ સ़લાતમ્ મવ્સૂલતમ્ બિલ્મઝીદ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર જેમાં હમેશાં (સતત) વધારો થતો રહે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةً لَّا تَنْقَطِعُ

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુ॰હ્મદિન્ સ़લાતલ્ લા તન્ક़તિ॰ઉ

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર જેનો ક્રમ

اَبَدَ الْاٰبَادِ وَلَا تَبِيْدُ ○

અબદલ્ આબાદિ વલા તબીદ.

હમેશાં હમેશ સુધી બાકી રહે અને કદી ન તૂટે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَلَاتَكَ الَّتِىْ صَلَّيْتَ

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુ॰હ્મદિન્ સ़લાતકલ્લતી સ़લ્લેત

હે અલ્લાહ ! એવાં દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર જેવી કે તેં એમના પર રહમતો નાઝિલ કરી છે.

عَلَيْهِ وَ سَلِّمْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ سَلَامَكَ الَّذِىْ

અ़લૈહિ વસલ્લિમ્ અ़લા સૈયિદિના મુ॰હ્મદિન્ સલામકલ્લઝી

અને એવા જ સલામ (સલામતી) નાઝિલ કર અમારા આકા મુહમ્મદ ﷺ પર જેવી સલામતી તેં એમને અતા ફર્માવી

سَلَّمْتَ عَلَيْهِ وَ اجْزِهٖ عَنَّا مَا هُوَ اَهْلُهٗ ○

સલ્લમ્ત અ़લૈહિ વજ્ઝિહી અ़ન્ના માહુવ અહ્લુહ્

અને તેમને શાનને પાત્ર બદલો અતા ફર્માવ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةً تُرْضِيْكَ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદના મુહમ્મદિન્ સ્વલાતન્ તુર્દીક

હે અલ્લાહ ! એવું દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
જેનાથી તું રાજી હોય અને તારી રઝા પર તે રાજી થઈ જાય

وَتُرْضِيْهِ وَتَرْضٰى بِهَا عَنَّا وَ اجْزِهٖ عَنَّا مَا هُوَ اَهْلُهٗ ○

વતુર્દીહિ વતર્દા બિહા અન્ના વજ્ઝિહી અન્ના માહુવ અહલુહ.

અને (તેમના વસીલાથી) તું અમારાથી રાજી થઈ જાય.
અને તેમની શાનના પ્રમાણે જઝા અતા ફર્માવ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى بَحْرِ اَنْوَارِكَ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિમ્ બહૂરિ અન્વારિક

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ જે તારા
અન્વારનો સમુદ્ર, તારા રહસ્યોની ખાણ, તારી દલીલોની તર્જુમાન,

وَمَعْدِنِ اَسْرَارِكَ وَلِسَانِ حُجَّتِكَ وَعَرُوْسِ مَمْلُكَتِكَ

વ મઅ્દિનિ અસ્રારિક વ લિસાનિ હુજ્જતિક વ અરૂસિ મમ્લુકતિક

તારી સલ્તનતના દુલ્હા, તારી બારગાહના ઈમામ પેશવા,
તારા મુલ્કની ઝીનત, તારી રહમતના ખજાના, તારી શરીઅતના રસ્તા,

وَاِمَامِ حَضْرَتِكَ وَ طِرَازِ مُلْكِكَ وَ خَزَآئِنِ رَحْمَتِكَ وَ

વ ઈમામિ હદ્રતિક વતિરાઝિ મુલ્કિક વખઝાઈનિ રહૂમતિક વ

તારી વહદાનિયતથી લુત્ફ ઉઠાવનારા, મૌજૂદાતની આંખની કીકી,
અને દરેક મૌજૂદના વજૂદના સબબ, તારી મખ્લૂકના

طَرِيْقِ شَرِيْعَتِكَ الْمُتَلَذِّذِ بِتَوْحِيْدِكَ اِنْسَانِ عَيْنِ

તરીકિ શરીઅતિક અલ્મુતલઝ્ઝિઝિ બિતૌહીદિક ઈન્સાનિ અયનિલ્

બુઝુર્ગોની આંખ (સૌથી અફઝલ), તારી સૌથી
પ્રથમ તજલ્લીનું નૂર, (એમના પર) એવી રહમતો નાઝિલ કર

الْوُجُوْدِ وَ السَّبَبِ فِيْ كُلِّ مَوْجُوْدٍ عَيْنِ اَعْيَانِ خَلْقِكَ

વુજૂદિ વસ્સબબિ ફી કુલ્લિ મૌજૂદિન્ અય્નિ અઅ્યાનિ ખલ્કિક.

જે તારી હમેશગીની જેમ હમેશાં બાકી રહે, અને તારા
ઈલ્મના સિવાય તેની કોઈ સીમા ન હોય.

الْمُتَقَدِّمِ مِّنْ نُّوْرِ ضِيَآئِكَ صَلٰوةً تَدُوْمُ بِدَوَامِكَ وَ تَبْقٰى

અલ્મુતકદ્દિમિ મિન્નૂરિદ્યિાઈક સ્વલાતન્ તદૂમુ બિદવામિક વતબ્કા

(પરવરદિગાર) એવી રહમત નાઝિલ કર જે તારી તથા

بِبَقَائِكَ لَا مُنْتَهٰى لَّهَا دُوْنَ عِلْمِكَ صَلٰوةً تُرْضِيْكَ

બિબકાઈક લા મુન્તહા લહાદૂન ઇલ્મિક સ્વલાતન્ તુર્દીક

તેમની રઝાનો સબબ બને અને હે રબ્બુલ આલમીન !

وَتُرْضِيْهِ وَتَرْضٰى بِهَا عَنَّا يَا رَبَّ الْعَالَمِيْنَ○

વ તુર્દીહિ વતર્દા બિહા અન્ના યા રબ્બલ્ આલમીન.

(તેમના તુફૈલ) તું અમારાથી રાજી થઈ જા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَا فِيْ عِلْمِ اللّٰهِ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ અદદ માફી ઇલ્મિલ્લાહિ

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
એ સંખ્યાના પ્રમાણે જે ઈલ્મે ઈલાહીમાં છે,

صَلٰوةً دَائِمَةً بِدَوَامِ مُلْكِ اللّٰهِ○

સ્વલાતન્ દાઈમતમ્ બિ દવામિ મુલ્કિલ્લાહ.

અને એવી રહમતો જે અલ્લાહ તઆલાના હમેશાં
બાકી રહેનારા મુલ્કની જેમ હમેશાં બાકી રહે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ કમા સ્વલ્લૈત અલા

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા
આકા મુહમ્મદ ﷺ પર જેવી કે રહમતો નાઝિલ કરી તેં

سَيِّدِنَآ اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَعَلٰٓى اٰلِ

સૈયિદિના ઈબ્રાહીમ વબારિક અલા સૈયિદિના મુહમ્મદિવ્ વ અલા આલિ

અમારા આકા ઈબ્રાહીમ عليه السلام પર, અને બરકતો નાઝિલ કર
અમારા આકા મુહમ્મદ ﷺ પર અને

سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اٰلِ سَيِّدِنَآ اِبْرَاهِيْمَ

સૈયિદિના મુહમ્મદિન્ કમા બારકૃત અલા આલિ સૈયિદિના ઈબ્રાહીમ

આપની આલ પર, જેવી કે બરકતો તેં આલે ઈબ્રાહીમ عليه السلام પર
સર્વ જહાનોમાં નાઝિલ કરી હતી.

فِى الْعَالَمِيْنَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ عَدَدَ خَلْقِكَ وَ رِضَآءَ

ફિલ્આલમીન ઈન્નક હમીદુમ્ મજીદ. અદદ ખલ્કિક વરિદાઅ

બેશક ! તારી ઝાત પ્રશંસાને પાત્ર તથા બુઝુર્ગીવાળી છે.
(આ બરકતો) તારી મખ્લૂકની સંખ્યાના બરાબર,

نَفْسِكَ وَ زِنَةَ عَرْشِكَ وَ مِدَادَ كَلِمَاتِكَ وَ عَدَدَ مَا

નફ્સિક વઝિનત અર્શિક વ મિદાદ કલિમાતિક વ અદદ મા

તારી ઝાતની રઝા, તારા અર્શના વજન અને તારા
કલમાઓની રોશનાઈ (શાહી)ના પ્રમાણે

ذَكَرَكَ بِهٖ خَلْقُكَ فِيْمَا مَضٰى وَ عَدَدَ مَا هُمْ ذَاكِرُوْنَكَ

ઝકરક બિહી ખલ્કુક ફીમામદા વ અદદ માહુમ્ ઝાકિરૂનક

અને એટલી સંખ્યામાં ગુજરેલા જમાનામાં તારી મખ્લૂકે તારો ઝિક્ર
(તને યાદ) કર્યો અને બાકીના જમાનામાં

بِهٖ فِيْمَا بَقِيَ فِيْ كُلِّ سَنَةٍ وَّ شَهْرٍ وَّ جُمُعَةٍ وَّ يَوْمٍ وَّ لَيْلَةٍ وَّ

બિહી ફીમા બકિય ફી કુલ્લિ સનતિંવ્ વ શહ્રિંવ્ વજુમુઅતિંવ્ વ યૌમિંવ્ વ લૈલતિંવ્ વ

તને યાદ કરવામાં આવશે, દરેક વરસ, દરેક મહિને,
દરેક જુમ્આના અને દરેક દિવસે, સવારે તથા સાંજે

سَاعَةٍ مِّنَ السَّاعَاتِ وَ شَمٍّ وَّ نَفْسٍ وَّ طَرْفَةٍ وَّ لَمْحَةٍ

સાઅતિમ્ મિનસ્સાઆતિ વશમ્મિંવ્ વ નફ્સિંવ્ વ ત્વ્ફતિંવ્ વ લમ્હતિમ્

તથા દરરોજ દરેક ઘડીએ, દિમાગના ખૂણાઓ, સૂંઘવાના શ્વાસો,
પલક ઝપકવા તથા (અચાનક) નજર પડવામાં અને

مِّنَ الْاَبَدِ اِلَى الْاَبَدِ وَ اٰبَادِ الدُّنْيَا وَ اٰبَادِ الْاٰخِرَةِ وَ

મિનલ્ અબદિ ઈલલ્ અબદિ વ આબાદિદ્ દુન્યા વ આબાદિલ્ આખિરહ. વ

જમાનાની પેદાઈશની શરૂઆતથી અંત સુધી. અને એનાથી પણ વધારે

اَكْثَرَ مِنْ ذٰلِكَ لَا يَنْقَطِعُ اَوَّلُهٗ وَ لَا يَنْفَدُ اٰخِرُهٗ○

અક્ષર મિન્ઝાલિક લાયન્ક્તિઉ અવ્વલુહૂ વલા યન્ફદુ આખિરુહ.

જેનો અવ્વલ કદી ન તૂટે અને એના છેવટની કોઈ સીમા ન હોય.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَلٰى قَدْرِ حُبِّكَ فِيْهِ○

અલ્લાહુમ્મ સ્લ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ અલા ક્દ્રિ હુબ્બિક ફીહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આક્ા મુહમ્મદ ﷺ પર
તેમનાથી તારી મહોબ્બતના બરાબર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَلٰى قَدْرِ عِنَايَتِكَ بِهٖ○

અલ્લાહુમ્મ સ્લ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ અલા ક્દ્રિ ઈનાયતિક બિહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આક્ા મુહમ્મદ ﷺ પર
જેટલી કે જન્નતી ઈનાયતો તેં એમના પર કરી.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ حَقَّ قَدْرِهٖ وَ مِقْدَارِهٖ ○

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુ હ़મ્મદિન્ હક્ક़ ક़દ્રિહી વમિક્દારિહ.

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આક઼ા મુહમ્મદ ﷺ પર
એમની શાનના પ્રમાણે દુરૂદ મોકલ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةً تُنَجِّيْنَا بِهَا مِنْ

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુ હ़મ્મદિન્ સલાતન્ તુનજ્જીનાબિહા મિન્

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આક઼ા મુહમ્મદ ﷺ પર
એવું દુરૂદ મોકલ કે જેના તુફૈલ તું અમને

جَمِيْعِ الْاَهْوَالِ وَ الْاٰفَاتِ وَ تَقْضِيْ لَنَا بِهَا جَمِيْعَ

જમીઇ્લ્ અહ્વાલિ વલ્આફાત. વતક્ઝીલના બિહા જમીઅ્લ્

દરેક પ્રકારના ડર અને આફતોથી નજાત અતા ફર્માવી દે,
અને એના સબબે અમારી સર્વ હાજતોને પૂરી કર

الْحَاجَاتِ وَ تُطَهِّرُنَا بِهَا مِنْ جَمِيْعِ السَّيِّئَاتِ وَ تَرْفَعُنَا

હ़ાજાત. વતુત્હ્હિરુના બિહા મિન્ જમઇ્સ્સૈયિઆત. વતર્ફઉના

અને અમને તમામ ગુનાહોથી પાક કરી આપ અને
અમને ઉચ્ચ મર્તબાઓ પર પહોંચાડી દે

بِهَا اَعْلَى الدَّرَجَاتِ وَ تُبَلِّغُنَا بِهَا اَقْصَى الْغَايَاتِ مِنْ

બિહા અઅ્લદ્દરજાત. વતુબલ્લિગુના બિહા અક્સ઼લ્ ગાયાત. મિન્

અને એની બરકતથી અમને તમામ નેકીઓની આ'લા હદ સુધી પહોંચાડી દે,

جَمِيْعِ الْخَيْرَاتِ فِي الْحَيٰوةِ وَ بَعْدَ الْمَمَاتِ ○

જમીઇ્લ્ ખૈરાતિ ફિલ્હ़યાતિ વ બઅ્દલ્ મમાત.

જિંદગીમાં અને મૃત્યુ બાદ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةَ الرِّضَا وَ ارْضَ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ સ્વલાતર્રિદા વર્દ

હે અલ્લાહ ! એવું દુરૂદ મોકલ અમારા
આકા મુહમ્મદ ﷺ પર જે તારી રઝાનો સબબ બને

عَنْ اَصْحَابِهٖ رِضَآءَ الرِّضٰىo

અન્અસ્હાબિહી રિદાઅર્રિદા.

અને તેમના તુફૈલ તેમના સહાબાથી બેહતરીન રઝાની સાથે રાઝી થઈ જા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِ السَّابِقِ لِلْخَلْقِ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિનિસ્સાબિકિ લિલ્ ખલ્કિ

હે અલ્લાહ ! એવું દુરૂદ અમારા આકા મુહમ્મદ ﷺ પર
નાઝિલ કર જેમનું નૂર સૌ મખ્લૂકથી પહેલાં,

نُوْرُهٗ وَ رَحْمَةٌ لِّلْعَالَمِيْنَ ظُهُوْرُهٗ عَدَدَ مَنْ مَّضٰى مِنْ

નૂરુહ. વ રહ્મતુલ્ લિલ્આલમીન ઝુહૂરુહ. અદદ મમ્દા મિન્

અને જેમનો ઝહૂર તમામ જહાનોના માટે રહમત છે.
એટલા લોકોની સંખ્યાના પ્રમાણે જેઓ પસાર થઈ ચૂક્યા

خَلْقِكَ وَ مَنْ بَقِيَ وَ مَنْ سَعِدَ مِنْهُمْ وَ مَنْ شَقِيَ صَلٰوةً

ખલ્કિક વ મમ્બકિય વ મન્સઈદ મિન્હુમ્ વ મન્શકિય સ્વલાતન્

અને જેમનું આવવું હજી બાકી છે, અને એમનામાંથી જે
નેક બખ્ત થયા અને જે બદબખ્ત બન્યા,

تَسْتَغْرِقُ الْعَدَّ وَ تُحِيْطُ بِالْحَدِّ صَلٰوةً لَّا غَايَةَ لَهَا وَ لَا

તસ્તગ્રિકુલ્ અદ્દ વ તુહીતુ બિલ્ હદ્દ. સ્વલાતલ્ લા ગાયતલહા વલા

પરવરદિગાર ! તે (મુહમ્મદ ﷺ) પર એવી રહમતો નાઝિલ કર
જે સર્વ ગણત્રીઓને ઘેરી લે અને દુરૂદ શરીફની હદોનો ઘેરાવ કરે.

مُنْتَهٰى وَ لَا انْقِضَآءَ صَلٰوةً دَائِمَةً بِدَوَامِكَ وَ عَلٰٓى اٰلِهٖ

મુન્તહા વલન્ક્રિદાઅ સ્વલાતન્ દાઇમતંમ્ બિદવ્વા મિક વ અલા આલિહી

એવું દુરૂદ મોકલ જેની હદ ન હોય. એવું દુરૂદ જે તારી હમેશગીની
જેમ હમેશાં રહે. પરવરદિગાર ! રહમતો નાઝિલ કર

وَ صَحْبِهٖ وَ سَلِّمْ تَسْلِيْمًا مِّثْلَ ذٰلِكَ ○

વસ્હૂબિહી વસલ્લિમ્ તસ્લીમમ્ મિથ્લ ઝાલિક.

આપ ﷺ ની આલ તથા અસ્હાબ પર અને એ પ્રમાણેની આપના પર સલામ મોકલ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِ الَّذِىْ مَلَاْتَ قَلْبَهٗ مِنْ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિ નિલ્લઝી મલઅ્ત ક્વલ્બહૂ મિન્

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
જેમના દિલ મુબારકને તેં તારા જલાલથી ભરી દીધું

جَلَالِكَ وَ عَيْنَهٗ مِنْ جَمَالِكَ فَاَصْبَحَ فَرِحًا مُّؤَيَّدًا مَّنْصُوْرًا وَّ

જલાલિક વઐનહુ મિન્ જમાલિક ફઅસ્બહ ફરિહમ્ મુઐયદમ્ મન્સૂરા. વ

અને તેમની આંખોને તારા જમાલથી (રોનક બખ્શી) એ પ્રમાણે તે ખુશ અને
મદદ પામતાં ફતહયાબ થયા અને આપ ﷺ ની

عَلٰٓى اٰلِهٖ وَ صَحْبِهٖ وَ سَلِّمْ تَسْلِيْمًا وَّ الْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ ○

અલા આલિહી વસ્હૂબિહી વસલ્લિમ્ તસ્લીમા. વહ્મ્દુલિલ્લાહિ અલા ઝાલિક.

આલ પર, આપના સહાબા પર સલામ તથા સલામતી નાઝિલ કર
અને સર્વ તારીફો અલ્લાહ રબ્બુલ આલમીનના માટે છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ عَدَدَ اَوْرَاقِ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના વ મૌલાના મુહમ્મદિન્ અદદ અવરાક્વિ–

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા તથા મૌલા મુહમ્મદ ﷺ પર

الزَّيْتُوْنِ وَ جَمِيْعِ الثِّمَارِ ○

ઝ્ઝયતૂનિ વ જમઇ્ષિમાર.

ઝયતૂનોનાં ઝાડોનાં પાંદડાં અને સર્વ ફળોની સંખ્યા પ્રમાણે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ عَدَدَ مَا كَانَ وَ مَا

અલ્લાહુમ્મ સ્લ્લિ અ્લા સૈયિદિના વ મૌલાના મુ્હમ્મદિન્ અ્દદ માકાન વમા

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા તથા મૌલા મુહમ્મદ ﷺ પર એ ચીજોની સંખ્યાના બરાબર જે થઈ ચૂકી અથવા થનારી છે અને એ ચીજોની સંખ્યાના બરાબર

يَكُوْنُ وَ عَدَدَ مَآ اَظْلَمَ عَلَيْهِ اللَّيْلُ وَ اَضَآءَ عَلَيْهِ النَّهَارُ ○

યકૂન. વ અ્દદ મા અ્ઝલમ અ્લૈહિલ્લૈલુ વ અદ્આ અ્લૈહિન્નહાર.

જે થઈ ચૂકી અથવા થનારી છે અને એ ચીજોની સંખ્યાના બરાબર
જેના પર રાતનો અંધકાર છવાયો અથવા દિવસની રોશની ફેલાયી.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِهٖ وَ اَزْوَاجِهٖ وَ

અલ્લાહુમ્મ સ્લ્લિ અ્લા સૈયિદિના વ મૌલાના મુ્હમ્મદિંવ્ વ અ્લા આલિહી વ અઝ્વાજિહી વ

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર આપની આલ
તથા પાક બીવીઓ અને આપની ઝુર્રિયત (ઉમ્મત) પર,

ذُرِّيَّتِهٖ عَدَدَ اَنْفَاسِ اُمَّتِهٖ ○

ઝુર્રિય્યતિહી અ્દદ અન્ફાસિ ઉમ્મતિહ.

આપની ઉમ્મતના લોકોના શ્વાસોના બરાબર.

اَللّٰهُمَّ بِبَرَكَةِ الصَّلٰوةِ عَلَيْهِ اجْعَلْنَا بِالصَّلٰوةِ عَلَيْهِ مِنَ

અલ્લાહુમ્મ બિબરકતિસ્સલાતિ અ્લૈહિજ્અલ્ના બિસ્સલાતિ અ્લૈહિ મિનલ્

હે અલ્લાહ ! તેમની બારગાહમાં દુરૂદ પઢવાના તુફૈલ અમારી ગણના
તારા કામયાબ બંદાઓમાં કર અને તેમના હૌઝ (કૌષર) પર

الْفَآئِزِيْنَ وَ عَلٰى حَوْضِهٖ مِنَ الْوَارِدِيْنَ الشَّارِبِيْنَ ○ وَ بِسُنَّتِهٖ

ફાઈઝીન વ અ્લા હવ્દિ્હી મિનલ્ વારિદીનશ્શારિ્બીન. વબિસુન્નતિહી

હાજર થઈને સૈરાબી (તૃપ્તિ) હાંસલ કરનારાઓમાં બનાવી દે.
અને તારા મહબૂબ ﷺની સુન્નતો પર

وَ طَاعَتِهٖ مِنَ الْعَامِلِيْنَ ○ وَ لَا تَحُلْ بَيْنَنَا وَ بَيْنَهٗ يَوْمَ

વતા્અતિહી મિનલ્આમિલીન. વલા તહુલ્ બૈનના વબૈનહૂ યવમ્લ–

અમલ કરનારા અને આપના આજ્ઞાંકિત બનાવી દે.
અમારી તથા તેમની વચ્ચે પર્દાને આડ ન બનાવતો

الْقِيَامَةِ يَا رَبَّ الْعَالَمِيْنَ○

ક્યિામતિ યા રબ્બલ્ આલમીન.

કયામતના દિવસે હે રબ્બુલ આલમીન.

وَ اغْفِرْ لَنَا وَ لِوَالِدَيْنَا وَ لِجَمِيْعِ الْمُسْلِمِيْنَ○

વગ્ફિર્લના વલિવાલિદૈના વલિ જમીઇ્લ્ મુસ્લિમીન.

અને બખ્શિશ ફર્માવ અમારી અને અમારાં માબાપની અને સર્વ જહાનોના મુસલમાનોની.

وَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ○

વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

અને સર્વ તારીફો અલ્લાહ તઆલાના માટે છે જે સર્વ જહાનોનો રબ છે.

اِبْتِدَاءُ الثُّلُثِ الثَّانِيْ

ઈબ્તિદાઉષ્ષુલુષિષ્ષાની

બીજા, ત્રીજા ભાગની શરૂઆત

اَللّٰهُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِ

અલ્લાહુમ્મ સ્વલ્લિ વસલ્લિમ્ વ બારિક્ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ

હે અલ્લાહ ! દુરૂદો સલામ અને બરકતો નાઝિલ કર અમારા
આકા મુહમ્મદ ﷺ અને આપ ﷺની આલ પર

سَيِّدِنَا مُحَمَّدٍ اَكْرَمِ خَلْقِكَ وَ سِرَاجِ اُفُقِكَ وَ اَفْضَلِ

સૈયિદિના મુહમ્મદિન્ અક્રમિ ખલ્કિક વ સિરાજિ ઉફુકિક વ અફ્દલિ

જે તારી સર્વ મખ્લૂકથી અધિક ઈજ્જતવાળા
અને તારા ક્ષિતિજના ચિરાગ (ચમકતા સૂર્ય) છે

قَائِمِ بِحَقِّكَ الْمَبْعُوْثِ بِتَيْسِيْرِكَ وَ رِفْقِكَ صَلٰوةً يَّتَوَالٰى

ક્વાઇમિમ્ બિહક્કિક. અલ્મબ્ઊષિ બિતૈસીરિક વરિફ્કિક સલાતંય્ યતવાલા

અને તારા હક્કને અદા કરવાવાળાઓમાંથી અફઝલ છે
અને તેમનું આગમન તારા તરફથી આસાની તથા નરમી છે.

تَكْرَارُهَا وَ تَلُوْحُ عَلَى الْاَكْوَانِ اَنْوَارُهَا ○

તકરારુહા વતલૂહુ અલલ્ અકવાનિ અન્વારુહા.

પરવરદિગાર ! એવું દુરૂદ મોકલ જે વારંવાર રિપીટ થાય,
વારંવાર પઢવામાં આવે અને તેના અન્વાર દરેક ચીજ પર ચમકતા દમકતા રહે.

اَللّٰهُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِ سَيِّدِنَا

અલ્લાહુમ્મ સ્વલ્લિ વ સલ્લિમ્ વ બારિક્ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિ સૈયિદિના

હે અલ્લાહ ! દુરૂદો સલામ (રહમતો બરકતો) મોકલ અમારા
આકા મુહમ્મદ ﷺ પર અને આપ ﷺની આલ પર

مُحَمَّدٍ اَفْضَلِ مَمْدُوْحٍ بِقَوْلِكَ وَ اَشْرَفِ دَاعٍ لِّلْاِعْتِصَامِ

મુહમ્મદ. અફ્દલિ મમ્દૂહિમ્ બિકૌલિક વ અશ્રફિદાઇલ્ લિલ્ઇઅૂતિસામિ

જેની પ્રશંસા તેં તારા મુકર્રમ કૌલ (કલામ)થી કરી છે. અને તારા (દીન)ની
રસ્સીને પકડવાની દાવત આપનારાઓમાં અફઝલતરીન શખ્સિયત છે.

بِحَبْلِكَ وَ خَاتَمِ اَنْبِيَاءِكَ وَ رُسُلِكَ صَلٰوةً تُبَلِّغُنَا فِيْ الدَّارَيْنِ

બિહબ્લિક વ ખાતમિ અંબિયાઇક વરુસુલિક સલાતન્ તુબલ્લિગુના ફિદ્દારૈનિ

અને તારા નબીઓ તથા રસૂલોમાં સૌથી આખરમાં
આવનારી ઝાત છે. એવું દુરૂદ મોકલ જે અમને દુનિયા તથા

عَمِيْمَ فَضْلِكَ وَ كَرَامَةَ رِضْوَانِكَ وَ وَصْلِكَO

અમીમ ફદૂલિક વ કરામત રિદ્વાનિક વવસ્લિક.

આખેરતમાં તારા સામાન્ય ફઝૂલ, તારી રઝા અને
તારી મુલાકાતની સઆદતોથી મિલાવી દે.

اَللّٰهُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰى اٰلِ

અલ્લાહુમ્મ સલ્લિ વસલ્લિમ્ વબારિક અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ

હે અલ્લાહ ! દુરૂદો સલામ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ અને
આપ ﷺ ની આલ પર (અને એ ઝાતે અકદસ પર)

سَيِّدِنَا مُحَمَّدٍ اَكْرَمِ الْكُرَمَآءِ مِنْ عِبَادِكَ وَ اَشْرَفِ

સૈયિદિના મુહમ્મદિન્ અકરમિલ્ કુરમાઇ મિન્ ઇબાદિક વ અશ્રફિલ્

જે તારા બુઝુર્ગ (નેક) બંદાઓમાં સૌથી અધિક બુઝુર્ગ છે
અને તારી હિદાયતની તરફ બોલાવનારમાં સૌથી અધિક ઈજ્જત તથા શરફવાળા છે.

الْمُنَادِيْنَ لِطُرُقِ رَشَادِكَ وَ سِرَاجِ اَقْطَارِكَ وَ بِلَادِكَ

મુનાદીન લિતુરુકિ રશાદિક વ સિરાજિ અકૂતારિક વ બિલાદિક

તારી જમીનના કિનારાઓ અને તારાં શહેરોને રોશન કરનારા ચિરાગ છે.
પરવરદિગાર ! એવું દુરૂદ મોકલ જે કદી ફના ન થાય

صَلٰوةً لَّا تَفْنٰى وَ لَا تَبِيْدُ تُبَلِّغُنَا بِهَا كَرَامَةَ الْمَزِيْدِo

સ़લાતલ્ લાતફ़ના વલા તબીદ. તુબલ્લિગુના બિહા કરામતલ્ મઝીદ.

અને ન નેસ્તો નાબૂદ થાય, બલ્કે ઈજ્જત (તથા એહતેરામ)માં અધિકતાનો ઝરીયો બને.

اَللّٰهُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ

અલ્લાહુમ્મ સ़લ્લિ વસલ્લિમ્ વ બારિક્ અ़લા સૈયિદિના મુહ़મ્મદિંવ્ વ

હે અલ્લાહ ! દુરૂદો સલામ મોકલ અમારા
આક઼ા મુહમ્મદ ﷺ પર અને તેમની આલ પર

عَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدِنِ الرَّفِيْعِ مَقَامُهُ الْوَاجِبِ

અ़લા આલિ સૈયિદિના મુહ़મ્મદ. અર્રફીઇ મક઼ામુહુલ્ વાજિબિ

જેમનો મક઼ામ ઘણો જ બુલંદ, જેમની તાઝીમ તથા જેમનો એહતેરામ વાજિબ (ફ઼ર્ઝ) છે.

تَعْظِيْمُهٗ وَ احْتِرَامُهٗ صَلٰوةً لَّا تَنْقَطِعُ اَبَدًا وَّ لَا

તઅ્ઝીમુહુ વહ્તિરામુહૂ સ़લાતલ્લા તન્ક़તિ઼ અબદંવ્ વલા

એમના પર એવું દુરૂદ મોકલ જે કદી ખત્મ ન થાય અને ન કદી ફના થાય

تَفْنٰى سَرْمَدًا وَّلَا تَنْحَصِرُ عَدَدًاo

તફ્ના સર્મદંવ્ વલા તન્હ़સિરુ અ़દદા.

અને ગણત્રીમાં ન આવી શકે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِ سَيِّدِنَا

અલ્લાહુમ્મ સ़લ્લિ અ़લા સૈયિદિના મુહ़મ્મદિંવ્ વ અ़લા આલિ સૈયિદિના

હે અલ્લાહ ! દુરૂદો સલામ મોકલ અમારા આક઼ા મુહમ્મદ ﷺ પર
અને આપ ﷺની આલ પર

مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى سَيِّدِنَآ اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ

મુહમ્મદ. કમા સલ્લૈત અલા સૈયિદિના ઈબ્રાહીમ વ અલા આલિ

જેવું કે તેં રહમતો નાઝિલ કરી અમારા આકા ઈબ્રાહીમ عليه السلام પર
અને તેમની આલ પર સર્વ જહાનોમાં.

سَيِّدِنَآ اِبْرَاهِيْمَ فِى الْعَالَمِيْنَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ○

સૈયિદિના ઈબ્રાહીમ ફીલ્આલમીન ઈન્નક હમીદુમ્ મજીદ.

બેશક ! તારી ઝાત એહતેરામને પાત્ર તથા બુઝુર્ગીવાળી છે.

وَ صَلِّ اللّٰهُمَّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ

વસ્લ્લિલ્લાહુમ્મ અલા સૈયિદિના મુહમ્મદિવ્ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિન્

હે અલ્લાહ ! દુરૂદો સલામ મોકલ અમારા
આકા મુહમ્મદ ﷺ પર અને આપની આલ પર

كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ وَغَفَلَ عَنْ ذِكْرِهِ الْغٰفِلُوْنَ ○

કુલ્લમા ઝકરહુઝ્ ઝાકિરૂન વ ગફલ અઝ્કિહિલ્ ગાફિલૂન.

જ્યારે પણ ઝિક્ર કરવાવાળા તેમનો ઝિક્ર કરે અને ગાફેલ એમના ઝિક્રથી ગફલત વર્તે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِ سَيِّدِنَا

અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિવ્ વ અલા આલિ

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા મુહમ્મદ ﷺ પર
અને આપ ﷺ ની આલ પર.

مُحَمَّدٍ وَّ ارْحَمْ سَيِّدَنَا مُحَمَّدًا وَّ اٰلَ سَيِّدِنَا مُحَمَّدٍ وَّ

સૈયિદિના મુહમ્મદ. વર્હમ્ સૈયિદિના મુહમ્મદ. વઆલ સૈયિદિના મુહમ્મદિવ્ વ

અને હે અલ્લાહ ! રહમતો નાઝિલ કર અમારા આકા મુહમ્મદ ﷺ પર
અને અને આપ ﷺ ની આલ પર.

بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا

બારિક અ્લા સૈયિદિના મુહ્મદિંવ્ વઅ્લા આલિ સૈયિદિના મુહ્મદ. કમા

બરકતો નાઝિલ કર અમારા આકા મુહમ્મદ ﷺ પર.
જેવું કે તેં દુરૂદ મોકલ્યું અને રહમતો મોકલી

صَلَّيْتَ وَرَحِمْتَ وَبَارَكْتَ عَلٰى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى

સ્લ્લૈત વરહિમ્ત વબારક્ત અ્લા સૈયિદિના ઈબ્રાહીમ વ અ્લા

અમારા આકા ઈબ્રાહીમ عليه السلام પર અને તેમની મુકર્રમ ઔલાદ પર,

اٰلِ سَيِّدِنَا اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ○

આલિ સૈયિદિના ઈબ્રાહીમ ઈન્નક હ્મીદુમ્મજીદ.

બેશક ! તારી ઝાત પ્રશંસાને પાત્ર તથા બુઝુર્ગીવાળી છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِنِ النَّبِيِّ الْاُمِّيِّ الطَّاهِرِ

અલ્લાહુમ્મ સ્લ્લિ અ્લા સૈયિદિના મુહ્મદિ નિન્નબીય્યિલ્ ઉમ્મિય્યિ ત્વાહિરિલ્

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા નબી ઉમ્મી
મુહમ્મદ ﷺ પર જે તાહિર (પાક) તથા

وَعَلٰٓى اٰلِهٖ وَسَلِّمْ ○ الْمُطَهَّرِ

મુત્હ્હરિ વ અ્લા આલિહી વસલ્લિમ.

મુતહ્હર (પાક કરેલા) અને તેમની આલ પર રહમતો તથા સલામતી મોકલ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَنْ خَتَمْتَ بِهِ الرِّسَالَةَ وَ اَيَّدْتَهٗ

અલ્લાહુમ્મ સ્લ્લિ અ્લા મન્ ખતમ્ત બિહિર્રિસાલહ. વ ઐયત્તહૂ

હે અલ્લાહ ! દુરૂદ મોકલ એ ઝાતે અક્દસ પર જેમના પર તેં રિસાલત ખત્મ કરી
અને તારી (ખાસ) મદદ વડે તેમનું સમર્થન કર્યું.

بِالنَّصْرِ وَ الْكَوْثَرِ وَ الشَّفَاعَةِ ○

બિન્નસ્રિ વલ્કૌષરિ વશ્શફાઅહ.

હૌઝ (કોષર) અતા કર્યું અને શફાઅતના સ્થાને બિરાજીત કર્યા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ نَّبِيِّ الْحُكْمِ وَ

અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના વ મૌલાના મુહમ્મદિન્ નબિય્યિલ્ હુક્મિ વલ્

હે અલ્લાહ ! દુરૂદ મોકલ અમારા આકા તથા મૌલા
મુહમ્મદ ﷺ પર જે હુકમ તથા હિકમતવાળા નબી,

الْحِكْمَةِ السِّرَاجِ الْوَهَّاجِ الْمَخْصُوْصِ بِالْخُلُقِ

હિક્મહ. અસ્સિરાજિલ્ વહ્હાજ. અલ્મખ્સૂસિ બિલ્ખુલુક્વિ

રોશન ચિરાગ (ચમકતા સૂરજ) જે ખુલુકે અઝીમ
(ઉચ્ચતમ સંસ્કાર)ની સાથે ખાસ કરવામાં આવ્યા છે.

الْعَظِيْمِ وَ خَتْمِ الرُّسُلِ ذِى الْمِعْرَاجِ وَ عَلٰى اٰلِهٖ وَ

અઝીમ. વ ખત્મિર્રુસુલિ ઝિલ્મિઅ્રાજ વ અલા આલિહી વ

તે ખત્મે મુરસલીન જે મેઅરાજના સફરમાં તશરીફ લઈ ગયા.
અને તેમની આલ, તેમના મુકર્રમ સહાબીઓ અને તે નેકોકારો પર

اَصْحَابِهٖ وَ اَتْبَاعِهِ السَّالِكِيْنَ عَلٰى مَنْهَجِهِ الْقَوِيْمِ ○

અસ્હાબિહી વ અત્બાઇહિસ્સાલિકીન અલા મન્હજિહિલ્ કવીમ.

જેમણે એમના બતાવેલા સીધા માર્ગનું અનુસરણ કર્યું, અઝમતો (ઈજ્જતો) અતા ફર્માવ.

فَاَعْظِمِ اللّٰهُمَّ بِهٖ مِنْهَاجَ نُجُوْمِ الْاِسْلَامِ وَ مَصَابِيْحَ

ફઅઝ્ઝિમિલ્લાહુમ્મ બિહી મિન્હાજ નુજૂમિલ્ ઈસ્લામ. વમસાબીહિઝ્

હે અલ્લાહ ! એ ઈસ્લામના તારાઓ, અંધકારોને ઉજ્જવળ કરનારાઓ પર
જેમનાથી અંધારી રાતોમાં શકના અંધકારથી

الظَّلَامِ الْمُهْتَدٰى بِهِمُ فِيْ ظُلْمَةِ الشَّكِّ الدَّاجِّ صَلٰوةً دَائِمَةً

ઝ્લ્લામ. અલ્મુહ્તદાબિહિમ્ ફી ઝુલ્મતિ લય્લિશ્શક્કિદ્દાજ. સલાતન્ દાઇમતમ્

હિદાયત હાંસલ કરવામાં આવે છે. હમેશાં બાકી રહેનારી
એવી રહમતો જે એ સમય સુધી બાકી રહે

مُّسْتَمِرَّةً مَّا تَلَاطَمَتْ فِيْ الْاَبْحُرِ الْاَمْوَاجُ وَ طَافَ بِالْبَيْتِ

મુસ્તમિર્રતમ્ માતલાત્મત્ ફિલ્અબ્હુરિલ્ અમ્વાજ. વત્વાફ બિલ્બય્તિલ્

જ્યાં સુધી સમુદ્રોમાં ઉઠનારી મોજો ઉછાળા મારતી રહે. અને દૂર દૂરથી સફર કરીને
આવનારા હાજી બયતુલ્લાહનો તવાફ કરતા રહે.

الْعَتِيْقِ مِنْ كُلِّ فَجٍّ عَمِيْقٍ نِ الْحُجَّاجُ وَ اَفْضَلُ الصَّلٰوةِ وَ

અતીકિ મિન્ કુલ્લિ ફજ્જિન્ અમીકિનિલ્ હુજ્જાજ. વ અફ્દ્લુસ્સલાતિ વ–

હે અલ્લાહ ! અફઝલતરીન સલાતો સલામ મોકલ અમારા
આકા મુહમ્મદ ﷺ પર જે તારા મોઅઝ્ઝઝ્ રસૂલ

التَّسْلِيْمِ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ رَّسُوْلِهِ الْكَرِيْمِ وَ صَفْوَتِهٖ مِنَ

ત્તસ્લીમિ અલા સૈયિદિના મુહમ્મદિર્રસૂલિહિલ્ કરીમ. વ સફ્વતિહી મિનલ્

અને બંદાઓમાંથી તારા ચુનંદા છે. અને કયામતના દિવસે
સર્વ મખ્લૂકના શફીઅ અને મકામે મહમૂદ પર

الْعِبَادِ وَ شَفِيْعِ الْخَلَائِقِ فِيْ الْمِيْعَادِ صَاحِبِ الْمَقَامِ

ઇબાદિ વ શફીઇલ્ ખલાઇકિ ફિલ્ મીઆદ. સાહિબિલ્ મકામિલ્

બિરાજીત અને એ હૌઝ (કૌષર)ના માલિક જ્યાં લોકો
(પોતાની તરસ છીપાવવા) પહોંચશે. તે રિસાલતના હોદ્દા અને

الْمَحْمُوْدِ وَ الْحَوْضِ الْمَوْرُوْدِ النَّاهِضِ بِاَعْبَاءِ الرِّسَالَةِ وَ

મહ્મૂદ. વલ્હૌદ્દિલ્ મવ્રુદ. અન્નાહિદ્દિ બિઅઅૂબાઇર્રિસાલહ. વ–

આમ તબ્લીગની જિમ્મેદારીઓના ભારે બોજને ઉઠાવનારા અને એ
જિમ્મેદારીઓને પૂર્ણ કરવામાં કોશિશ કરવાવાળા છે

التَّبْلِيْغِ الْاَعَمِّ وَ الْمَخْصُوْصِ بِشَرَفِ السِّعَايَةِ فِيْ الصَّلَاحِ

ત્તબ્લીગિલ્ અઅ્મ્મિ વલ્મખ્સૂસિ બિશરફિસ્સિઆયતિ ફિસ્સલાહિલ્

જે અલ્લાહના બંદાઓની ભલાઈના માટે આપની સાથે ખાસ છે.
હે અલ્લાહ ! દુરૂદ મોકલ આપ ﷺ ની ઝાતે અકૃદસ પર

الْاَعْظَمِ o صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ عَلٰٓى اٰلِهٖ صَلٰوةً دَآئِمَةً مُّسْتَمِرَّةً

અઅ્ઝમ. સ્લ્લલ્લાહુ અલૈહિ વ અલા આલિહિ સ્લાતન્ દાઇમતમ્ મુસ્તમિર્રત–

અને આપની આલ પર એવી કાયમી રહમતો જે રાત દિવસના ચકના સાથે ચાલુ રહે,

الدَّوَامِ عَلٰى مَرِّ اللَّيَالِيْ وَ الْاَيَّامِ o فَهُوَ سَيِّدُ الْاَوَّلِيْنَ وَ

દ્વામિ અલા મર્રિલ્લયાલિ વલ્ અય્યામ. ફહુવ સૈયિદુલ્ અવ્વલીન વ–

કેમ કે આપ ﷺની ઝાતે અકૃદસ અવ્વલીન તથા આખરીનની સરદાર,

الْاٰخِرِيْنَ o وَ اَفْضَلُ الْاَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ o

લ્આખિરીન. વ અફ્દ્લુલ્ અવ્વલીન વલ્ આખિરીન.

અને આપ ﷺ અવ્વલીન તથા આખરીનમાં અફઝલતરીન છે,

عَلَيْهِ اَفْضَلُ صَلٰوةِ الْمُصَلِّيْنَ o وَ اَزْكٰى سَلَامِ الْمُسَلِّمِيْنَ o

અલૈહિ અફ્દ્લુ સ્લાતિલ્ મુસ્લ્લીન. વઅઝ્કા સલામિલ્ મુસ્લિમીન.

જે આપ ﷺપર દુરૂદ મોકલનારાઓનું અફઝલતરીન દુરૂદ હોય.
અને આપ ﷺપર સલામ મોકલનારાઓના અફઝલતરીન સલામ હોય.

وَ اَطْيَبُ ذِكْرِ الذَّاكِرِيْنَ o وَ اَفْضَلُ صَلَوَاتِ اللّٰهِ o

વઅત્યબુ ઝિક્રિઝ્ ઝાકિરીન. અફ્દ્લુ સ્લવાતિલ્લાહ.

અને ઝિક્ર કરવાવાળાઓનું બેહતરીન ઝિક્ર આપ ﷺ પર થાય.
અને અલ્લાહ તઆલાની અફઝલતરીન રહમતો આપના પર થાય

وَ اَحْسَنُ صَلَوَاتِ اللّٰهِ o وَ اَجَلُّ صَلَوَاتِ اللّٰهِ o

વ અહ્સનુ સ્વલવાતિલ્લાહ. વ અજલ્લુ સ્વલવાતિલ્લાહ.

અને અલ્લાહ તઆલાની બેહતરીન રહમતો આપના હાલમાં સામેલ રહે.
અને અલ્લાહ તઆલાના બુઝુર્ગતરીન દુરૂદ (રહમતો)

وَ اَجْمَلُ صَلَوَاتِ اللّٰهِ o وَ اَكْمَلُ صَلَوَاتِ اللّٰهِ o

વ અજ્મલુ સ્વલવાતિલ્લાહ. વ અક્મલુ સ્વલવાતિલ્લાહ.

અને અલ્લાહ તઆલાના સૌથી શોભાવાળાં ખૂબસૂરત દુરૂદ
અને કામિલ તરીન દુરૂદ અને અલ્લાહની

وَ اَسْبَغُ صَلَوَاتِ اللّٰهِ o وَ اَتَمُّ صَلَوَاتِ اللّٰهِ o

વઅસ્બગુ સ્વલવાતિલ્લાહ. વ અતમ્મુ સ્વલવાતિલ્લાહિ.

અને અલ્લાહ તઆલાની સંપૂર્ણ કામિલતરીન રહમતો.
અલ્લાહની તરફથી કદી ખત્મ ન થનાર દુરૂદ (રહમતો)

وَ اَظْهَرُ صَلَوَاتِ اللّٰهِ o وَ اَعْظَمُ صَلَوَاتِ اللّٰهِ o

વ અઝ્હરુ સ્વલવાતિલ્લાહ. વઅઝ્મુ સ્વલવાતિલ્લાહ.

અને અલ્લાહની તરફથી સૌથી અધિક રોશન દુરૂદ.
અને અલ્લાહ તઆલાની તરફથી અઝીમતરીન દુરૂદ.

وَ اَذْكَى صَلَوَاتِ اللّٰهِ o وَ اَطْيَبُ صَلَوَاتِ اللّٰهِ o

વ અઝ્કા સ્વલવાતિલ્લાહ. વ અત્યબુ સ્વલવાતિલ્લાહ.

અને અલ્લાહ તઆલાની તરફથી સૌથી અધિક પાકીઝા દુરૂદ.
અને અલ્લાહ તઆલાની તરફથી સૌથી પવિત્ર રહમતો

وَ اَبْرَكُ صَلَوَاتِ اللّٰهِ o وَ اَزْكَى صَلَوَاتِ اللّٰهِ o

વ અબ્રકુ સ્વલવાતિલ્લાહ. વ અઝ્કા સ્વલવાતિલ્લાહ.

અને અલ્લાહ તઆલાની તરફથી સૌથી બાબરકત દુરૂદ.
અને અલ્લાહ તઆલાની તરફથી અધિક સાફ સ્વચ્છ દુરૂદ.

وَ اَنْمٰى صَلَوَاتِ اللّٰهِ o وَ اَوْفٰى صَلَوَاتِ اللّٰهِ o

વ અન્મા સ़લવાતિલ્લાહ. વ અવ્ફા સ़લવાતિલ્લાહ.

અને અલ્લાહ તઆલા તરફથી ખૂબ જ અધિક ફૂલનારાં ફલનારાં દુરૂદ
અને અલ્લાહ તઆલા તરફથી મુકમ્મલતરીન દુરૂદ.

وَ اَسْنٰى صَلَوَاتِ اللّٰهِ o وَ اَعْلٰى صَلَوَاتِ اللّٰهِ o

વ અસ્ના સ़લવાતિલ્લાહ. વ અઅ્લા સ़લવાતિલ્લાહ.

અને બુલંદ મર્તબા દુરૂદ અલ્લાહ તરફથી.
અને આ'લા તરીન દુરૂદ અલ્લાહ તરફથી.

وَ اَكْثَرُ صَلَوَاتِ اللّٰهِ o وَ اَجْمَعُ صَلَوَاتِ اللّٰهِ o

વ અક્ષરુ સ़લવાતિલ્લાહ. વઅજ્મઉ સ़લવાતિલ્લાહ.

અને ખૂબ જ અધિક દુરૂદ અલ્લાહ તરફથી.
અને જામેઅ તરીન દુરૂદ અલ્લાહ તઆલાની.

وَ اَعَمُّ صَلَوَاتِ اللّٰهِ o وَ اَدْوَمُ صَلَوَاتِ اللّٰهِ o

વ અઅમ્મુ સ़લવાતિલ્લાહ. વ અદ્વમુ સ़લવાતિલ્લાહ.

અને આમ રહમતના પ્રમાણે અલ્લાહ તઆલાનાં દુરૂદ તથા રહમતો થાય.
અને હમેશાં રહેનારાં દુરૂદ અને અલ્લાહ તઆલાની રહમતો થાય.

وَ اَبْقٰى صَلَوَاتِ اللّٰهِ o وَ اَعَزُّ صَلَوَاتِ اللّٰهِ o وَ اَرْفَعُ صَلَوَاتِ اللّٰهِ o

વ અબ્કા સ़લવાતિલ્લાહ. વઅઅ્ઝ્ઝુ સ़લવાતિલ્લાહ. વ અર્ફઉ સ़લવાતિલ્લાહ.

અને અલ્લાહ તઆલા તરફથી ઈજ્જતવાળાં દુરૂદ તથા રહમતો થાય. અને અલ્લાહ તઆલાનાં બાકી
રહેનારાં દુરૂદ તથા રહમતો થાય. અને અલ્લાહ તઆલાનાં બુલંદતરીન દુરૂદ તથા રહમતો નાઝિલ થાય.

عَلٰى اَفْضَلِ خَلْقِ اللّٰهِ o وَ اَحْسَنِ خَلْقِ اللّٰهِ o

અલા અફ્ઝલિ ખલ્કિલ્લાહિ. વ અહ્સનિ ખલ્કિલ્લાહ.

અને અલ્લાહ તઆલાના બુલંદતરીન દુરૂદ તથા રહમતો નાઝિલ થાય એ ઝાતે પાક પર
જે તેની મખ્લૂકની સૌથી શ્રેષ્ઠ હસ્તી છે. અને અલ્લાહ તઆલાની મખ્લૂકમાં સૌથી બેહતરીન.

وَ اَجَلِّ خَلْقِ اللّٰهِ o وَ اَكْرَمِ خَلْقِ اللّٰهِ o

વઅજલ્લિ ખલ્ક़िલ્લાહ. વ અક્રમિ ખલ્ક़िલ્લાહ.

અને અલ્લાહ તઆલાની મખ્લૂક़માં સૌથી જલીલુલ ક़દર.
અને અલ્લાહ તઆલાની મખ્લૂક़માં સૌથી અધિક બુઝુર્ગ.

وَ اَجْمَلِ خَلْقِ اللّٰهِ o وَ اَكْمَلِ خَلْقِ اللّٰهِ o

અજ્મલિ ખલ્ક़िલ્લાહ. વ અક્મલિ ખલ્ક़िલ્લાહ.

અને મખ્લૂક़ે ઈલાહીમાં અજમલતરીન.
અને અલ્લાહની મખ્લૂક़માં કામિલતરીન ઝાત.

وَ اَتَمِّ خَلْقِ اللّٰهِ o وَ اَعْظَمِ خَلْقِ اللّٰهِ o

વ અતમ્મિ ખલ્ક़िલ્લાહ. વ અઅૂઝ़મિ ખલ્ક़िલ્લાહ.

અને મખ્લૂક़ે ઈલાહી અંબિયા (અલૈહિમુસ્સલામ)માં સૌથી છેલ્લા.
અને મખ્લૂક़ે ઈલાહીમાં સૌથી મહાન.

عِنْدَ اللّٰهِ o رَسُوْلِ اللّٰهِ o وَنَبِيِّ اللّٰهِ o

ઇન્દલ્લાહ. રસૂલિલ્લાહ. વ નબિય્યિલ્લાહ.

આપ ﷺ જેમના આ મર્તબા બારગાહે ખુદાવંદીમાં છે. તે નબીયે મુકર્રમ
અલ્લાહ તઆલાના રસૂલ ﷺ અને અલ્લાહના નબી ﷺ

وَ حَبِيْبِ اللّٰهِ o وَ صَفِيِّ اللّٰهِ o وَ نَجِيِّ اللّٰهِ o

વ હ़બીબિલ્લાહ. વ સ़फ़ીય્યિલ્લાહ. વ નજિય્યિલ્લાહ.

અને અલ્લાહ તઆલાના મહબૂબ ﷺ છે. અલ્લાહ તઆલાના બરગુઝીદા નબી ﷺ
અલ્લાહ તઆલાથી હમકલામ થનારા નબી ﷺ.

وَ خَلِيْلِ اللّٰهِ o وَ وَلِيِّ اللّٰهِ o وَ اَمِيْنِ اللّٰهِ o

વ ખલીલિલ્લાહ. વ વલિય્યિલ્લાહ. વ અમીનિલ્લાહ.

અને અલ્લાહ તઆલા ખલીલ, અને અલ્લાહ તઆલાના દોસ્ત
અને અલ્લાહના ભેદોના અમીન,

وَ خِيَرَةِ اللّٰهِ مِنْ خَلْقِ اللّٰهِo وَ نُخْبَةِ اللّٰهِ مِنْ بَرِيَّتِهِ اللّٰهِo

વ ખિયરતિલ્લાહિ મિન્ ખલ્ક્વિલ્લાહ. વનુખ્બતિલ્લાહિ મિમ્બરીઅતિલ્લાહ.

અને અલ્લાહની મખ્લૂકમાં સૌથી બરગુઝીદા હસ્તી અને મખ્લૂક છે.
અલ્લાહ તઆલાની ચુનંદા હસ્તી

وَ صَفْوَةِ اللّٰهِ مِنْ اَنْبِيَاءِ اللّٰهِo وَ عُرْوَةِ اللّٰهِo وَ عِصْمَةِ اللّٰهِo

વ સફ્વતિલ્લાહિ મિન્ અંબિયાઇલ્લાહ. વ ઉર્વતિલ્લાહ. વ ઇસ્મતિલ્લાહ

અને અલ્લાહના મોકલેલા નબીઓમાં ચુનંદા હસ્તી. અલ્લાહ તઆલા તરફથી
(સર્વ આલમના માટે દરસ્તાવેજ) અને એ ઝાતે અકદસ ﷺ જે અલ્લાહ તઆલાની હિફાઝતમાં છે.

وَ نِعْمَةِ اللّٰهِo وَ مِفْتَاحِ رَحْمَةِ اللّٰهِo اَلْمُخْتَارِ مِنْ رُّسُلِ اللّٰهِo

વ નિઅમતિલ્લાહ. વ મિફ્તાહિ વ રહ્મતિલ્લાહ. અલ્મુખ્તારિ મિર્રુસુલિલ્લાહ.

અને સર્વ જહાનોના માટે અલ્લાહ તઆલાની નેઅમત અને અલ્લાહ તઆલાની રહમતના
ખજાનાઓની કુંજી છે. અને અલ્લાહ તઆલાના રસૂલોમાં સૌથી અધિક પસંદીદા ઝાત

اَلْمُنْتَخَبِ مِنْ خَلْقِ اللّٰهِ الْفَآئِزِ بِالْمَطْلَبِ فِيْ الْمَرْهَبِ وَ الْمَرْغَبِo

અલ્મુન્તખબિ મિન્ખલ્ક્વિલ્લાહિલ્ ફાઇઝિ બિલ્મત્લબિ ફિલ્મર્હબિ વલ્ મર્ગબ

જેમને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલોમાં તે એઅ્ઝાઝ (મર્તબો) અતા કર્યો કે
ફર્માવ્યું કે આપ ﷺ ખૌફ તથા ઉમ્મીદના મોકાઓમાં મતલબ હાંસલ કરે

اَلْمُخْلَصِ فِيْ مَا وُهِبَo اَكْرَمِ مَبْعُوْثٍo اَصْدَقِ قَائِلٍo

અલ્મુખ્લસિ ફીમા વુહિબ. અક્રમિ મબ્ઊષ. અસ્દક્વિ ક્વાઇલિન્.

અને બારગાહે ઈલાહીથી જે કાંઈ તેમને અતા થયું એના બારામાં સરાપા ખુલૂસવાળા
તમામ અંબિયા અને રસૂલોમાં સૌથી ઈજ્જતવાન, બોલવાવાળાઓમાં

وَّاَنْجَحِ شَافِعٍo اَفْضَلِ مُشَفَّعِ نِ الْاَمِيْنِ فِيْ مَا اسْتُوْدِعَ

વ અન્જહિ શાફિઇન્. અફ્દલિ મુશફ્ફઇનિલ્ અમીન. ફીમસ્તૂદિઅ-

સાદિકુલ ક્વૌલ (સત્યવાન) દરેક કહેવાવાળાની
સરખામણીમાં પોતાની વાત મનાવવાવાળા,

الصَّادِقِ فِيْ مَا بَلَّغَ الصَّادِعِ بِاَمْرِ رَبِّهِ الْمُضْطَلِعِ بِمَا حُمِّلَ o

સ્સાદિકિ ફીમા બલ્લગસ્સાદિઇ બિઅમ્રિ રબ્બિહ. અલ્મુદ્તલિઇ બિમા હુમ્મિલ.

અલ્લાહ તઆલાની અમાનતોના સાચા અમીન, વિના ખૌફ તથા
ડર બેધડક અંદાઝમાં હુકમે ઈલાહીને પહોંચાડનારા

اَقْرَبِ رُسُلِ اللّٰهِ اِلَى اللّٰهِ وَسِيْلَةً وَّ اَعْظَمِهِمْ غَدًا عِنْدَ اللّٰهِ

અક્રબિરુસુલિલ્લાહિ ઈલલ્લાહિ વસીલહ. વ અઅ્ઝમિહિમ્ ગદન્ ઇન્દલ્લાહિ

અને વસીલાના બારામાં અલ્લાહ તઆલાની તરફથી જે જિમ્મેદારીઓ સુપરત થઈ તેમને
અડગતાપૂર્વક પૂર્ણ કરનારા. અલ્લાહ તઆલાની બારગાહમાં તેમના સૌથી મુકર્રબ વસીલા.

مَنْزِلَةً وَّ فَضِيْلَةً o وَ اَكْرَمِ اَنْبِيَآءِ اللّٰهِ الْكِرَامِ الصَّفْوَةِ عَلَى اللّٰهِ o

મંઝિલતંવ્ વ ફદ્દીલહ. વ અક્રમિ અંબિયા ઈલ્લાહિલ્ કિરામિસ્સફ્વતિ અલલ્લાહ.

ફઝીલતના એતબારથી કયામતના દિવસે સૌથી અધિક અઝમતવાળા
રસૂલ ﷺ અને અલ્લાહ તઆલાની બારગાહમાં તમામ બરગુઝીદા અને

وَ اَحَبِّهِمْ اِلَى اللّٰهِ وَ اَقْرَبِهِمْ زُلْفٰى لَدَى اللّٰهِ o

વ અહ્બ્બિહિમ્ ઈલલ્લાહિ વ અક્રબિહિમ્ ઝુલ્ફા લદલ્લાહ.

બુઝુર્ગ નબીઓથી અધિક મોઅઝ્ઝઝ્ તથા મુકર્રમ, અને અલ્લાહ તઆલાની બારગાહમાં
તમામ અંબિયાથી અધિક મહબૂબ, અને અલ્લાહ તઆલાની બારગાહમાં અધિક નિકટના,

وَ اَكْرَمِ الْخَلْقِ عَلَى اللّٰهِ o وَ اَحْظَاهُمْ وَ اَرْضَاهُمْ لَدَى اللّٰهِ o

વ અક્રમિલ્ ખલ્કિ અલલ્લાહ. વ અહ્ઝાહુમ્ વ અર્દાહુમ્ લદલ્લાહ.

અને સર્વ મખ્લૂકે ઈલાહીમાં અલ્લાહ તઆલાના સૌથી અધિક ઈકરામ તથા ઈજ્જતવાળા અને
ખુદાની બારગાહમાં સૌથી અધિક મર્તબાવાળા અને અલ્લાહ તઆલાના સૌથી અધિક પસંદીદા,

وَ اَعْلَى النَّاسِ قَدْرًا o وَ اَعْظَمِهِمْ مَّحَلًّا وَّ اَكْمَلِهِمْ مَّحَاسِنًا

વ અઅ્લન્નાસિ કદ્રા. વ અઅ્ઝમિહિમ્ મહ્લ્લંવ્ વ અક્મલિહિમ્ મહાસિનંવ્

અને બારગાહે ઈલાહીમાં આલમના વસનારા લોકોમાં સૌથી ઉચ્ચતમ મર્તબાવાળા અને
મર્તબાના લેહાઝથી સૌથી આ'લા મુહાસિન, તથા ફઝીલતના

وَّ فَضْلًا وَّ اَفْضَلِ الْاَنْبِيَآءِ دَرَجَةً○ وَ اَكْمَلِهِمْ شَرِيْعَةً

વ ફદ્લા. વ અફ્દલિલ્ અંબિયાઇ દરજતહ. વ અક્મલિહિમ્ શરીઅતંવ્

